[A-68] No. Of Printed Pages : 2

# SARDAR PATEL UNIVERSITY
## T.Y.B.A (VI Sem.)EXAMINATION
## Friday, 1st April 2016
## 2:30 to 5:30 pm
## UA06CGLT20 અપઠિતનો અભ્યાસ (અનસીન) (ગુજરાતી)

**કુલ ગુણ : ૭૦**

નોંધ: જમણી બાજુના આંકડા ગુણ દર્શાવે છે.

પ્ર:૧ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો (અર્થાત્ વિસ્તારથી સમજાવો) (૨૦)

ભાવ જાગૃત થાય ને હૃદયમાં જામે -- એવી જે રસરૂપ મનઃસ્થિતિ, તે મૂળે તો બીજાં માણસ અને સાહિત્યકારમાં સમાન હોય છે.પણ સર્જનની ક્ષણમાં અમુક ભાવ કે ભાવોને લગતી સાહિત્યકારની પોતાની પૂર્વસ્મૃતિઓ અને પૂર્વ સંસ્કારો તેના પ્રતિભાબળે કરીને જે અસાધારણ પ્રમાણમાં સચેત બને છે, તે પ્રમાણેનો તફાવત પ્રધાનપણે ઈતરજનો અને સાહિત્યકાર વચ્ચેનો ભેદક અંશ બને છે. સર્જનક્ષણે સાહિત્યકાર તો જાણે પોતાના વ્યક્તિગત સ્વરૂપનું ખોળિયું પાછળ છોડી દઈને જે માત્ર પ્રસંગ કે વર્ણન પોતે આલેખનાર હોય તેના કલ્પનાપ્રદેશીય જીવનમાં સૂક્ષ્મ દેહે પ્રવેશે છે, એ રીતે કૃતિ સર્જાય ત્યારે કર્તાની સર્ગશક્તિ ઉપરાંત બીજી શક્તિઓનો પણ એમાં વપરાશ થતો હોય છે; જેમ કે વિવેકશક્તિ અને પ્રતિભા.

અથવા

પ્ર:૧ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો (અર્થાત્ વિસ્તારથી સમજાવો) (૨૦)

વાર્તામાં સ્થૂળ ક્રિયાનું મહત્વ ઓછું નથી. વાર્તાનો પટ વણાય છે સ્થૂળ ક્રિયાઓના તાણાવાણાથી. સૂક્ષ્મ પોતવાળી વાર્તાના હાર્દમાં પણ કોઈ એક સ્થૂળ ક્રિયા વહેતી હોય છે. ઘટના કે ઘટનાઓનું ધારકબળ આ સ્થૂળ ક્રિયા છે કે જેનો સંબંધ નર્યા વાસ્તવ સાથે છે. આમ ઘટના એ વાર્તાની કરોડરજ્જુ છે. સમગ્ર વાર્તાના હલનચલનમાં એ નિર્ણાયક બળ છે. વાર્તા- સૌષ્ઠવનો આધાર સમરસ થયેલી ઘટના પર છે.કોઈ પણ મૂર્ત કલાસ્વરૂપમાં ઘટનાનું હોવું અનિવાર્ય છે,કારણ કે કલામાત્રમાં પ્રચ્છન્નપણે શાશ્વત ગતિ વહેતી હોય છે. ગતિ કે જેમાંથી ક્રિયા ઉદ્ભવે, ક્રિયા કે જેમાંથી સહજપણે ઘટના ઉદ્ભવે. આમ નવલિકામાં ઘટનાની ઉપસ્થિતિનો અસ્વીકાર કરવામાં એક સાહસ રહેલું છે જે અંતે મજાક બની રહે. આ ઘટનાનો સંબંધ વાસ્તવ એટલે કે જીવન સાથે છે અને જીવન સાથે જે વાસ્તવ જોડાયેલ છે, તે કેટલું ગહન, કેટલું સૂક્ષ્મ અને કેટલું કાવ્યાત્મક છે.

પ્ર:૨ નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો (૨૦)

લાવો તમારો હાથ, મેળવીએ
(કહું છું હાથ લંબાવી) !
કહો શું મેળવી લેવું હશે મારે? તમારા હાથમાં તો કેટલું યે --
ધન હશે, સત્તા હશે, કીર્તિ હશે...
શું શું નથી હોતું તમારા હાથમાં ?
મારે કશાનું કામ ના ,
ખાલી તમારો હાથ...
ખાલી તમારો હાથ ?
ના, ના, આપણા આ બેય ખાલી હાથમાં યે કેટલું છે !
આપણા આ હાથમાં ઉષ્મા અને થડકો--
અરે, એના વડે આવો, પરસ્પરના હૃદયનો ભાવ ભેળવીએ,
અને બિનઆવડત સારું નઠારું કેટલું યે કામ કરતાં
આપણા આ હાથ કેળવીએ !

(P.T.O)

અજાણ્યા છો ?  ભલે !
તો યે જુઓ, આ હાથ લંબાવી કહું--
લાવો તમારો હાથ, મેળવીએ !

અથવા

પ્ર:૨ નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો (૨૦)

મારા ખેતરને શેઢેથી
લ્યા ઊડી ગઈ સારસી !
મા,
દોચકીમાં છાશ પાછી રેડી દે.
રોટલાને બાંધી દે.
આ ચલમની તમાકુમાં કસ નથી,
ઠારી દે આ તાપણીમાં
ભારવેલો અગની .
મને મહુડીની છાંય તળે
પડી રહેવા દે.
ભલે આખું આભ રેલી જાય,
ગળા સમું ઘાસ ઊગી જાય,
અલે એઈ
બળદને હળે હવે જોતરીશ નંઈ
મારા ખેતરને શેઢેથી --

પ્ર: 3 આપેલા છંદનું બંધારણ આપી ઉદાહરણ સહિત સમજાવો. (ગમે તે ચાર) (૧૬)
(૧) કટાવ (૨) તોટક (3) સવૈયા (૪) ચોપાઈ (૫)માલિની (૬) સ્રગ્ધરા (૭) વસંતતિલકા (૮) ઉપેન્દ્રવજ્રા

પ્ર:૪ નીચેનામાંથી ગમે તે બે અલંકારની વ્યાખ્યા આપી ઉદાહરણ સહિત સમજાવો. (૧૪)
(૧) શ્લેષ (૨) વ્યતિરેક (3) સજીવારોપણ (૪) અપ્રસ્તુત પ્રશંસા

*****